Volume-1
Issue-10
October-2016

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# “મારી હકીકત” કૃતિ પરિચય

**ડૉ. કનૈયાલાલ એલ. પટેલ**

*પ્રિન્સીપાલશ્રી, મહિલા આર્ટ્સ કૉલેજ, મોતીપુરા, હિંમતનગર*

હૈયાની વરાળ ઠાલવીને એક પ્રકારનો સંતોષ મેળવવા ખાતર પણ કેટલીક આત્મકથાઓ લખાય છે. ઐતિહાસિક દ્રષ્ટિએ ગુજરાતી આત્મકથા સાહિત્યની ખરી શરૂઆત તો નર્મદથી જ થઈ ગણાય છે. પોતે નવું પ્રસ્થાન કરે છે. તેવા ભાન સાથે ગુજરાતામાં પહેલું આત્મચરિત્ર નર્મદે રચ્યું છે. “પોતાની હકીકત પોતે લખવી એવો ચાલ આપણામાં નથી તે નવો દાખલ કરવો” (મારી હકીકત પૃ.૧) ઈ.સ. ૧૮૬૬માં તેમણે ‘મારી હકીકત’ નામે આત્મકથા લખી હતી પરંતુ નવલરામ જેવા કેટલાક મિત્રોએ એ હકીકત તેની હયાતીમાં પ્રગટ ન કરવાની સલાહ આપી. તેથી કેવળ પોતાના જ ઉપયોગ માટે નર્મદે તેને છપાવીને પોતાના પાસે રાખી મૂકી. “આ હકીકત લખું છું તે કોઈને માટે નહિ, પણ મારે જ માટે પણ તે, ઓળખાવવાને નહી, દ્રવ્ય પદવી મેળવવાને નહી પણ ભૂતનું જોઈ ભવિષ્યમાં ઉત્તેજન મળ્યા કરે તે માટે.” (મારી હકીકત પૃ.૧૫પાદટીપ) પછી તો તેમના મૃત્યુ પછીએ લગભગ અર્ધી સદી સુધી, અર્વાચીન ગુજરાતના સાહિત્યનું અને સુધારક વીર તરીકે સ્વીકાર પામેલા એ મહાપુરુષની આ અમૂલ્ય કૃતિને અપ્રસિધ્ધિના અંધકારમાંથી બહાર લાવવાનો કોઈએ ખાસ પ્રયાસ કર્યો હોય એમ લાગતુ નથી. છેક ઈ.સ. ૧૯33માં ‘નર્મદજન્મ શતાબ્દિ‘ ઉજવાય તે વખતે ‘ગુજરાતી પ્રેસે’, ‘મારી હકીકત’ બહાર પાડી.

સ્વજીવનની કથા કહેતી વખતે દરેક લેખક આત્મનિરિક્ષણનો આદર્શ એક યા બીજી રીતે સ્વીકારે છે. નર્મદ દ્રવ્ય પદવી મેળવવાને નહી પણ ભૂતનું જોઈ ભવિષ્યમાં ઉત્તેજન મળ્યા કરે’ તેને માટેસ આત્મકથા લખે છે. (મારી હકીકત પૃ.3૯) સત્યને સાદ્યંત એકનિષ્ઠ પણે વળગી રહેવાની પ્રતિજ્ઞા દરેક ચરિત્રકારે આરંભથી અંત સુધી સાવધાની પૂર્વક પાળવાનો પ્રયાસ કરવો જોઈએ. સત્યને વિકૃત કરવાનો તેને ઢાંકવાનો કે તેનું અપૂર્ણ યા એકાંગી દર્શન કારાવવાનો અપરાધ પોતે ન કરી બેસે તેની કાસ તકેદારી આત્મકથાકારે રાખવી જોઈએ નર્મદે પોતાની હકીકત કહેતાં પ્રતિજ્ઞા કરે છે.

“હું જે કાંઈ લખીશ તે તો મારી જાણ પરમાણે સાચેસાચું જ લખીશ, પછી તે મારે સારું હો, કે નરસું હો, લોકોને પસંદ પડો કે ન પડો.”(મારી હકીકત પૃ.૬)

આત્મકથા આલેખનમાં મોટું આવરણ માનવીની ટૂંકી સ્મૃતિ કે વિસ્મૃતિ છે. ભૂતકાળની શીલાઓ ઉખેડી બાલ્યકાળને સંભાળાવો પડે છે. નર્મદે આત્મકથામાં પોતે ચાર વર્ષનો હતો તે વખતે મુંબઈમાં લાગેલી આગનું તાદ્દશ વર્ણન કરે છે. (મારી હકીકત પૃ.૨૦) સબળ સંસ્કાર પાડે તેવા પ્રસંગો જ લેકના સ્મરણપટ પર અંકિત થયા હોય છે. એટલે પોતાના બાલ્યકાળની મોટાભાગની હકીકતો તેને પોતાના વડીલો પાસેથી એકઠી કરવી પડે છે. નર્મદ પોતાના જન્મ, ગોત્ર, આદિની હકીકત માતા-પિતા, સગાં સ્નેહી વગેરે પાસેથી પરિશ્રમ લઈને એકત્ર કરે છે. આ કારણે લગભગ ઈ.સ. ૧૯૫૪થી પોતે રાખવા માંડેલી છૂટક નોંધો ને તે સહેજ પણ મહત્વ આપતો નથી અને પોતાના પિતા પાસેથી, સગાં-સ્નેહી કે ન્યાતીલાને પૂછીને અથવા તો ઘરમાંના કાગળો કે ખરચની ચોપડીઓ ઉપરથી આવશ્યક માહિતી એકઠી કરેલી હકીકતો મૂકી શકય હોય ત્યાં તારીખ, માસ, સન અને સંવત ઈત્યાદિ વિશે ભારે શ્રમપૂર્વક એકઠી કરેલી હકીકતો મૂકી શકાય. કોઈવાર એ વસ્તુની સત્યતાને યથાતથ નિરૂપવાની એટલી બધી ચીવટ રાખે છે કે એવી આત્મકથામાં સ્થળે સ્થળે સુરુચિનો ભંગ થાય એવાં વર્ણનો આવે છે. પોતાની પત્નીના મૃત્યુની હકીકત (પૃ.3૭) તેમજ પોતાના દલપતરામ વિશેનો ઉલ્લેખો(પૃ.3૭) ને સુઘડ ન જ કહી શકાય. પણ સુરુચિનો ભંગ આત્મકથાનો દોષ નથી, ગુણ છે. એનાથી તેમાં આત્મતિરસ્કાર પૂર્વક પોતાનાં સ્ખલનો અને પરાજ્યોનું પણ નિરૂપણ કરે છે.

આટલું સ્પષ્ટ વકતૃત્વ નર્મદ પોતાની હકીકત વખતે પ્રેમપ્રસંગોને કેવળ અછડતો જ ઉલ્લેખો વડે પાતાવી દે છે. પોતાની સાથે સંકળાયેલી અન્ય વ્યકિતઓને તેથી હાનિ પહોંચાશે તેવી તેને દહેશત છે. “કેટલીક વાત મારા સંબંધમાં આવેલ એવા લોકોનાં મન દુઃખાવવાને અને મારા કુંટુંબ, સંબંધિઓને નૂકશાન પહોંચાડવાને હાલ લખવી હું ઘટીત ધારતો નથી (મારી હકીકત પૃ.૨) આ મુશ્કેલીઓને કારણે તેણે પોતાની આત્મકથાને અધૂરી કહી ચે. કદાટ ભવિષ્યમાં આગળ ઉપર ખૂટતી હકીકતો પૂરી લેવાની એની ધારણા હશે. પણ એ તો અધૂરી જ રહી અને નર્મદની આત્મકથા તેના વ્યકિતત્વના એક આકર્ષક પાસાનો પરિચય આપે છે. તેના સ્વભાવની લાલાઈ અને વિલાસિતાનું નિદર્શન કરે તેવી વિગતોથી હંમેશને માટે વંચિત રહી થઈ.

© RRIJM 2015, All Rights Reserved

લોકવાદ ભયની પરવા નહી કરનમર નર્મદ અભિમાનને ગળી શકયો ન હતો. એટલે પોતાના જીવનની સત્ય હકીકતો રજૂ કરતી વખતે લોકોમાં પોતાના વિશે ફેલાયેલા નિંદા કે ગેર સમજનો પરિહાર કરવાનું કે પોતાના સ્વમાન કે અભિમાનને પોષે તેવો પ્રસંગ આવતાં તેનું જરા લંબાણથી વર્ણન કરવાનું વલણ તેનાથી કુદરતી રીતે જ ધારણ થઈ જાય છે. સત્યની મર્યાદામાં રહીને જ્યાં જ્યાં આમ કર્યું ચે, ત્યાં ત્યાં તે દોષ પાત્ર બન્યો નથી, પરંતુ સત્યના ભકત તરીકે નર્મદમાં ગાંધીજીના જેવી નમ્રાતિનમ વૃત્તિ અને અંતર્મુખતાનો જોઈએ તેટલો આવિર્ભાવ થયેલો નહી, એટલે ગાંધીજીની આત્મકથા જેટલું ઉંડાણ અને આત્મચિંતન 'મારી હકીકત'માં ના જણાય તે સ્વાભાવિક છે.

આત્મકથામાં સ્વપ્નોનું મહત્વ ઘણું છે. માણસના સ્વભાવની કેટલીક વિચિત્રતાઓ સમજવામાં તેનાં સ્વપ્નો સૂચનાત્મક નિર્દેશ કરેલો છે. (મારી હકીકત પૃ.૨૩-૨૫) બહુ થોડા માણસોમાં પોતાના જાતીય સંબંધોની વાતોને ખુલ્લેખુલ્લી યથાતથ સ્વરુપે કહેવાની હિંમત હોય છે. નર્મદ મોકળા મને આત્મકથા લખે છે. એ ખરૂં, પણ અન્ય વ્યકિતની પ્રતિષ્ઠા જોખમાય એ ભયે આવી બાબતોનો અછડતો ઉલ્લેખ કરીને જ તે વાત આટોપી દે છે.

વળી, 'મારી હકીકત'માં કળામય આયોજન જેવું કશું નથી. આત્મકથા લખતી વખતે સળંગ વહેતી શૈલીનો ખ્યાલ નર્મદે પહેલેથી જ રાખ્યો નથી. મોટાભાગનું લખાણ ટાંચરૂપે રહ્યુ છે. સમગ્ર કૃતિ સુગ્રથિત નર્મદે પોતાની ઝમકદાર ગદ્યશૈલીન પરિચય તો કરાવે જ છે. ઉત્કટ પુરુષોત્તમ દવે અને લાલશંકરના રેખાચિત્રો એવી ભાવાર્દ્ર અને તેજીલી કલમે એ રેખાચિત્રો આલેખાયાં છે કે પ્રથમ વાચને જ તે વાચકના હૃદયમાં ઉતરી જાય ! આ ઉપરાંત સુરતની આગનું વર્ણન અને સ્વપ્નનું વર્ણન પણ ધ્યાન ખેંચે તેવા છે. પણ આવાં સ્થળો બહુ જુજ છે. એકંદરે તાદ્દશ શકિત, રસળતી અને પ્રવાહી ભાષાશૈલી તથા સ્વીકાર ત્યાગનો વિવેક, આત્મકથાના કલામય સ્વરુપ વિધાન માટે આવશ્યક એવા આ ગુણો નર્મદની આત્મકથામાં અલ્પપ્રમાણમાં નજરે પડતા હોવા છતાં સત્વશાળી તેમ વિવિધરંગી જીવનવસ્તુ, આંતર સંપત્તિને કારણે ગુજરાતી આત્મચરિત્રના ઈતિહાસમાં તે ચિરંજીવ સ્થાન પામેલી છે.

**વિશેષતાઓઃ**

(૧) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ 'સ્વજન'

(૨) સરળતા, સત્યપ્રિયતા, નિર્ભીકતા અને પ્રવાહિતાને કારણે 'મારી હકીકત' ગાંધીજીની 'સત્યના પ્રયોગો'ની અત્યંત નજીક પહોંચી જાય છે.

(૩) 'મારી હકીકત'નો ઉત્તમ અંશ તે નર્મદની અડગ સત્યભકિત છે, પોતે પ્રતિજ્ઞા કર્યા મુજબ સત્ય માહિતી આપવાનો આગ્રહ તેમણે અંત સુધી જાળવી રાખ્યો છે.

(૪) કયારેક નર્મદની વધારે પડતી ચીવટને કારણે સુરુચિનો ભંગ થાય તેવાં વર્ણનો આવે છે. દા.ત. પત્નીના મૃત્યુની હકીકતમાં અને મૂર્છાકાળ દરમિયાન મનમાં ઉભા થયેલા વિકારોના વર્ણનમાં સુરુચિનો ભંગ થાય છે. તે આત્મકથાની વિશેષતા છે.

(૫) આ કૃતિમાં કળામય આયોજનનો અભાવ છે, બધુ લખાણ ટાંચણરૂપે લખાયું હોવાથી શૈલીમાં પ્રવાહીતા આવી નથી છતાં કેટલેક સ્થળે નર્મદની ઝમકદાર ગદ્યશૈલીનો પરિચય થાય છે.

(૬) વ્યકિતનાં રેખાચિત્રો તેજીલી કલમથી આલેખાયાં છે. દા.ત. પુરુષોત્તમ દવે અને લાલશંકર દવેનાં રેખાચિત્રો.

(૭) વર્ણન શૈલીમાં સુરતની આગનું વર્ણન અને સ્વપ્નનું વર્ણન ધ્યાન ખેંચે તેવા છે.

(૮) નર્મદની આત્મકથામાં વિવિધરંગી જીવનવસ્તુ, અડગ સત્યનિષ્ઠા, નિખાલસતા વગેરે ગુણોને લીધે ગુજરાતી આત્મચરિત્રના ઈતિહાસમાં 'મારી હકીકત'નું ચિરંજીવ બન્યું છે.

© RRIJM 2015, All Rights Reserved 